# –:વન્યપ્રાણીમિત્રની નિમણુંકની અરજીઃ–
## જુનાગઢ વનવિભાગ, જુનાગઢ

| ઓફીસના ઉપયોગ માટે |
|---|
| અરજી મળ્યા તારીખ :–..................... |
| રજીસ્ટરનો ક્રમ નંબર :–.................. |

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

એક વધારાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો જોડવો

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
જુનાગઢ વન વિભાગ
જુનાગઢ.

જય ભારત સાથ વિનંતી કે, ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંકઃડબલ્યુ/એલપી/૧૧૦૭/ ૫૭૨/ગ–૧/તારીખઃ૧૮–૫–૨૦૦૭ અન્વયે તથા દેનિક પેપરમાં આવેલ "જાહેર વિજ્ઞપ્તિ" અનુસંધાને વન્યપ્રાણી મિત્ર તરીકેની ઉમેદવારી માટે નીચેની વિગતેની હકીકતો સાથે અરજી કરુંછું.

| | અટક | પોતાનું નામ | પિતા/પતિનું નામ |
|---|---|---|---|
| ૧. પુરૂ નામઃ– | | | |

૨. સામાજીક કક્ષાઃ– અનુ.જાતિ / અનુ. જનજાતિ / સા.શૈ.પ./ અન્ય

૩. જન્મતારીખઃ– (આંકડામાં)તાઃ–...........................
(શબ્દોમાં):–...............................

૪. કાયમી સરનામુ :–

૫. શૈક્ષણીક લાયકાત :–

૬. અન્ય વધારાની લાયકાત :–

૭. શાળા છોડયાનુ પ્રમાણપત્રઃ–

૮. ફોન નંબર મોબઈલ નંબર :–..........................લેન્ડ લાઈન નંબર :–............................

૯. અરજી સાથે બિડાણે રાખેલ પ્રમાણપત્રોઃ–

૧ .જે તે ગામના વતની હોવાનું પ્રમાણપત્ર અથવા જન્મ નોંધણીનો દાખલો અથવા સ્થાનિક તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર.
૨.છેલ્લા ત્રણ વર્ષથી ગામમાં રહેતા હોવાનું તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર અથવા ત્રણ વર્ષની મતદાર યાદીની પ્રમાણિત નકલો.
૩.શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રો
૪.અન્યવિશેષ લાયકાતોના પ્રમાણપત્રો
૫.શાળા છોડયાનું પ્રમાણપત્ર
૬.સામાજીક કક્ષા અંગેનું પ્રમાણપત્ર

આથી હું એકરાર કરુંછું કે, મે વન્યપ્રાણી મિત્રની નિમણુંકની શરતો વાચીને સહી કરી અરજી સાથે આપેલ છે તથા ઉપર જણાવેલ તમામ વિગતો સાચી છે.જો આપેલ વિગતો ખોટી જણાયતો આપશ્રી દ્વારા જે પગલાં લેવાશે તે મને બંધન કર્તા રહેશે.અસલ પ્રમાપત્રો રૂબરૂ મુલાકાત સમયે રજુ કરીશ.

સાક્ષીઓના નામ અને સહી ઉમેદવારનું નામ અને સહી

૧.

૨.

વન્યપ્રાણી મિત્રની કામગીરી અને ફરજો :–

૧. વન્યપ્રાણી મિત્રએ જે તે ગ્રામ પંચાયતના વિસ્તારમાં એશિયાઈ સિંહના સંરક્ષણમાં મદદગારી કરવાની રહેશે. (ગ્રામ પંચાયત એટલે મહેસુલી ગ્રામ પંચાયત, વન વસાહત ગામ, નેસ)

૨. વન્ય પ્રાણી મિત્રએ જે તે ગ્રામ પંચાયત વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અને વન વિષયક યોજનાઓ અંગે જન જાગૃતિઉભી કરવાની રહેશે. આ માટેનો પ્રચાર તથા પ્રસાર સાહિત્ય ગ્રામજનોને પહોંચાડી ગ્રામજનોને જાગૃત કરી લોક સહકાર મેળવવા તથા તેના વ્યાપ વધારવાના રહેશે.

૩. ગ્રામ પંચાયત વિસ્તારમાં વન્યપ્રાણી રહેઠાણ, વિકાસ તથા સંરક્ષણને લગતી વિવિધમાહિતી એકઠી કરી જે તે વન અધિકારીને પહોંચાડવાની તથા વિવિધ કામગીરીમાં મદદગારી કરવાની રહેશે.

૪. વન્યપ્રાણીઓના હલન–ચલન ઉપર દેખરેખ રાખી આવા પ્રાણીઓ ખુલ્લા કુવાની બહુ નજીક હોય તો તેમને તે વિસ્તારથીઅન્ય સલામત સ્થળે અત્યંત દૂર કરવા માટે શકય તે તમામ પગલા લેવાના રહેશે. તથા જે ગામમાં નેશ/સેટલમેન્ટ ગામમાં ખુલ્લા કુવા હોય તેની માહિતી એકત્રીત કરી રેન્જ કક્ષાએ આપવાની રહેશે.

૫. વન્યપ્રાણી ગુનામાં સંડોવાયેલ તેમજ અસામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ લોકોની માહિતી એકત્રિત કરવામાં મદદ કરવાની રહેશે.

૬. વન્યપ્રાણીને બચાવ કામગીરી (રેસ્કયુ ઓપરેશનમાં પુરતી મદદ કરવાની રહેશે.)

૭. વન્ય પ્રાણી ધ્વારા જાનમાલ પર હુમલાના કિસ્સામાં નુકશાનીની વિગતો મેળવવાની કામગીરીમાં મદદ કરવા તેમજ પ્રજાજનમાં ઉશ્કેરાટ ઉભો ન થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે.

૮. ગ્રામ પંચાયત વિસ્તારમાં દવ લાગવો, ગેરકાયદેસર શિકાર કે શિકાર માટેની બીછાવેલી જાળ, કે ફાસલા કે અન્ય અંગે માહિતી મેળવી સક્ષમ અધિકારીને પહોંચાડવી તેમજ અટકાવવા દૂર કરવાના રહેશે.

૯. વન્યપ્રાણી મારણ/શિકારના કિસ્સામાં ગુનેગારો પકડવા માટે માહિતી મેળવવી તેમજ ગુના પકડવા માટે વન અધિકારીઓને જરૂરી મદદ કરવાની રહેશે.

૧૦. વન્યપ્રાણી મિત્રએ વન વિભાગ અને ગ્રામજનો વચ્ચે સેતુરૂપ ભુમિકા ભજવી વન્યપ્રાણી સંરક્ષણ અંગે સહકાર તથા સંકલનની કામગીરી કરવાની રહેશે.

ઉપરોકત જણાવેલ ફરજો ઉપરાંત વખતો વખત રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી કે ઉપરની કક્ષાના અધિકારીઓ તરફથી મદદ માટે પાઠવેલ સુચનાઓ મુજબ મદદ કરવાની રહેશે.

તાઃ....../૦૭/૨૦૨૧ ઉમેદવારનું નામ અને સહી